જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૪/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૩૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૦ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩૯૪/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૩૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૩૬/૧૭

**નવરંગપુરાઃ** ક્રેડીટ ઇન્ડીયા ફાયનાન્સના મેનેજર નાગેન્દ્ર નંદલાલ ગુપ્તા (રહે. મધુવન ગ્લોરી નવા નરોડા કૃષ્ણનગર) એ તા.૨૦/૪/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નવરંગપુરા મીઠાખળી છ રસ્તા પાસે આવેલ ચંદન હાઉસમા બીજા માળે આવેલ હોમ ક્રેડીટ ઇન્ડીયા ફાયનાન્સ પ્રા.લી નામની કંપનીમાં તા.૪/૧/૧૭ થી તા.૩૦/૩/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અભીષેક રાજપૂત અને (૨) શુભમ ધમેન્દ્રગીરી (બન્ને રહે. રતનપાર્ક સોસાયટી ગાયત્રી સ્કુલની પાસે બેટી બચાવ સર્કલ પાસે ખોડિયારનગર રોડ) એ કંપનીના નામે કસ્ટમરની લોનના હપ્તા ઉધરાવી કસ્ટમરને ખોટી રીસીપ્ટ આપી હપ્તાના કુલ રૂપિયા ૬૦,૦૦૦/- કંપનીમા જમા નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૩૭/૧૭

**રામોલઃ** કનૈયાલાલ ગોરધનભાઇ મીણા (રહે.શહેરી ગરીબ આવાસ યોજના શિવમ રો-હાઉસ મહાદેવ રેસીડેન્સીની સામે વસ્ત્રાલ) એ તા.૨૦/૪/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૪/૧૭ કલાક ૧૦/૦૦ થી તા.૨૦/૪/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી જગદીશભાઇ કાંતીભાઇ પરમાર (રહે. પુજાવાળાની ચાલી બાલ ભવન સામે ખોખરા) કનૈયાલાલના મકાનના દરવાજાનુ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી ઘરવખરીનો સામાન, સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૩૮/૧૭</u>**

**વસ્ત્રાપુરઃ** ધ્રુપલ દિપકભાઈ પટેલ (રહે. તિરૂપતિ બંગલોઝ કડવા પાટીદારની વાડી પાછળ નરોડા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૪/૧૭ બપોરના ૪/૦૦ થી રાતના ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન સાલ હોસ્પીટલ સામે ઉત્સવ બંગલોના મુખ્ય દરવાજા પાસે પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ કારમાંથી બે બેગની ચોરી કરી લઈ ગઈ છે. જે બેગમાં કપડા અને સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૮૭,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૩૯/૧૭</u>**

**શહેરકોટડાઃ (૧) જીતેન્દ્રભાઇ ભીખાભાઇ મોરડીયા (ઉ.વ.૪૬) (રહે. યોગેશ્વર પાર્ક કાંકડીયા હોસ્પીટલ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૪/૧૭ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઈ મોહનભાઈ ચલાવે છે.**

(૨) માધુરી વા/ઓ નીખીલભઇ રવિંચંદ્ર સોની (ઉ.વ.૨૦) (રહે. યોગેશ્વર પાર્ક કાંકડીયા હોસ્પીટલ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૪/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી ડી ડીવીજન ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** અર્જુનભાઇ તુલશીદાસ તેજુ (૬૦-૬૫ વર્ષ અશરાના) (રહે-પુનીતનગર ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૨૦/૪/૧૭ કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલા સાબરમતી નદીમાં પશ્ચીમ કિનારે ઇવેન્ટ સેન્ટર પાછળ વોક-વે ઘાટ નંબર-૯ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)